Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. ભાદ્રપદ સુદ ૧૫ સંવત ૧૯૪૮ અંક. ૬ ઠ્ઠો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૨
મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧) અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જૂદુ.
છુટક અંક એકના રૂ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય | | પૃષ્ટ |
|---|---|---|
| ૧ ભવસ્થિતિ. | (શિખરિણી) | ૮૧ |
| ૨ શ્રી પાલીતાણા જૈનપાઠશાળા. | | ૮૨ |
| ૩ માયા (શ્રી મલ્લીનાથ ચરિત્ર). | | ૮૪ |
| ૪ ખેદકારક સમાચાર (મુનિ અમરતવિજયજીનો સ્વર્ગવાસ.) | | ૮૮ |
| ૫ મનુષ્ય જન્મ. | | ૯૦ |
| ૬ સંબોધસત્તરી | | ૯૫ |


### ચોપાનીયું રખડતું મુકી આશાતનાં કરશો નહીં

## પુસ્તકોની પહોચ.

**શ્રી ઉપદેશમાલા અર્થ યુક્ત**—શ્રી અમદાવાદ નિવાસી શા૦ કુચરાઇ ગોપાળદાસ તરફથી ભેટ દાખલા મળી છે તે સ્વીકારીએ છીએ. ઉપદેશમાળા ગ્રંથ જૈનવર્ગમાં બહુજ જાણીતો છે. અન્વય યુક્ત અર્થ સહીત બાળબોધ લીપીમાં છાપી પાકે પુંઠે બંધાવેલ છે. કિંમત રૂ૨) બુકના પ્રમાણમાં વિશેષ નથી. એ ગ્રંથ શ્રીવીરભગવંતના હસ્ત દીક્ષીત શિષ્ય શ્રીધર્મદાસ ગણીનો બનાવેલો અનેક પ્રકારના ઉપદેશવડે ભરપુર છે. જોઈએ તેણે અમારી પાસેથી તેમજ એમને ભેટ મોકલનાર પાસેથી મંગાવી લેવા. તેનું ઠેકાણું ધનાસુતારના પોળમાં પડીપોળમાં છે.

**બૃહદાલોયણા**—શ્રી મારવાડ નિવાસી લાલાજીસાહેબ રણજીતસિંહજી કૃત શ્રી અમદાવાદ નિવાસી શા૦ બાલાભાઇ છગનલાલ તરફથી ભેટ દાખલ મળેલ છે ઢુંઢક મતીને ઉપયોગની જણાય છે કિંમત અર્ધાઆના છે. જોઇએ તેણે તેમની પાસેથી મંગાવવી ઠે. કીકાભટ્ટની પોળછે.

## જાહેર ખબર.

અમારી ઓફીસમાં વેચાણ મળતાં (૧૬૭) પુસ્તકો નકશાઓ વિગેરેની જાહેર ખબર તો જુદી છપાવીને વેચેલી છે તે તે ઉપરાંત નીચે જણાવેલ ચોપડીઓ વિશેષ મળે છે. માટે જેઓને જોઇએ તેમણે ખુશીથી મંગાવવી.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈનકથા રત્નકોષ ભાગ પહેલો (સિંદુરપ્રકરણ તથા ગૌતમપુચ્છા અર્થ કથા યુક્ત) | ૨-૦-૦ |
| ૨ | ,, ભાગ બીજો (શ્રી નેમનાથજીનો રાસ) | ૨-૪-૦ |
| ૩ | ,, ભાગ ત્રીજો (સમકીત સત્તરી અર્થ કથા યુક્ત તથા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.
જિનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ ભાદરવા શુદિ ૧૫ સંવત ૧૯૪૮ અંક ૬ ઠો.

## जव स्थिति.

### શીખરિણી.

જનો જે સૌંદર્યે મદનસમ[1] મહાલે મદ કરી,
થતા જો તે રોગી કૃશવપુ ધરે હાલત હરી;
કઢંગા કદ્રૂપા અતિ વિકૃતિ[2] થાએ દુઃખ ભરી,
જુવો ભવ્યો! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૧
ઘણી વિદ્યાથી જે ગુરૂસમ[3] ધરે ગૌરવ અતિ,
ગિરા ધારાથી જે ગરવ ધરતી છે શુભમતિ;
બને જો તે મુંગા સ્ખલિત રસના[4] થાય અધરી[5],
જુવો ભવ્યો! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૨
ગતિ જે ચાલેછે નિજ બળથકી જાતિ હયની,
ધરા ધ્રુજે જેના ચરણ બળથી પીડિત બની;
બને તે પંગૂ તો અપરજન ચાલે કર ધરી,
જુવો ભવ્યો! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૩

૧ કામદેવ. ૨ વિકાર. ૩ બૃહસ્પતિ. ૪ જિવ્હા. ૫ નીચી

For Private And Personal Use Only

જનો જે પદ્માક્ષો[1] અતિ અશ્રુ વિષે નેત્ર ધરતા,
અતિ દૂરે દેખી નિજ નજર નાંખી પ્રસરતા;
બને તે જો અંધા અપરજન દોરે મદધરી,
જુવો ભવ્યો ! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૪
નરો જે ગાજંતા હય ગજ રથોના કટકમાં,
હણે શસ્ત્રો અસ્ત્રો ધરી અરિ જનોને લટકમાં;
પડે જ્યારે ચુંથે બહુ શ્વગણુ[2] ને વાયસ[3] ફરી,
જુવો ભવ્યો! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૫
જમે જે સ્વાદેથી વિવિધ પકવાનો રસ ભર્યા,
ગમે તેવા પહેરે વસન ખુશબોથી અતિ ભર્યા;
ધરી વસ્ત્રો મેલા ઘરઘર ભમે તે ભિખ ધરી,
જુવો ભવ્યો ! ભારે સ્થિતિ ભવતણી આ ભયકરી. ૬

( અપૂર્ણ. )

---

# શ્રી પાલીતાણા જૈન પાઠશાળા.

પ્રથમથી જાહેર કર્યા પ્રમાણે બાબુ સાહેબ રાય બુદ્ધસિંહજી બહાદુર તરફથી ભાદ્રપદ શુદિ ૬ ઠે શ્રી પાલીતાણામાં જૈનપાઠશાળાનું સ્થાપન કરવામાં આવ્યું છે. હાલમાં સ્થાન મોતીશા શેઠની ધર્મશાળાના દિવાનખાનામાં રાખેલું છે. કોંકણદેશીયશાસ્ત્રી દિનકરરાવ શ્રીઅલીબાગ નિવાસીને અધ્યાપક તરીકે દાખલ કર્યા છે. વિદ્વત્તા સારી છે. વિશેષ ખુબી અભ્યાસીઓની વૃદ્ધિ થવાથી જણાશે. તેમજ અધ્યયન કરનારની સંખ્યામાં વધારો થશે એટલે બીજા શાસ્ત્રીને માટે પણ ગોઠવણ કરવામાં આવશે. અભ્યાસ કરનારા મુની મહારાજાને ત્રણ વર્ષ કે એક વર્ષની મુદત સુધી સ્થાયીપણે રહેવાનો વિચાર કરીને આવવું એ વિશેષ લાભકારક છે, કારણ કે લાંબી મુદત એક સાથે કરેલો અભ્યાસ ફાયદા કારક વિશેષ થાય છે. તે છતાં કદી ઓછી મુદત રહેવાની અનુકુળતા હોય તો તેમણે પણ અભ્યાસ માટે ખુશીથી પધારવું. દાખલ થવામાં અડચણ નથી.

સ્થાપન કરવામાં મુખ્ય મુનિરાજ શ્રી દાનવિજયજી વિગેરે મુનિરાજો-

---

૧ કમળના જેવા લોચનવાળા. ૨ કુતરાના ટોળા. ૩ કાગડા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ, તીર્થ નિવાસી થયેલા સુજ્ઞ તલકચંદભાઈ માણેકચંદે, શેઠ આણંદજી કલ્યાણજીના મુનીમ રા. રા. દુલભદાસ મોહનભાઈએ, શ્રી મહુવા નિવાસી શ્રાવક પરમાણંદદાસ મુળચંદે તથા શ્રી પાલીટાણાના રહીશ મોદી જસરાજ ખોડા વગેરે ગ્રહસ્થોએ મુખ્ય ભાગ લીધો હતો. ભાવનગરથી કોઇપણ ગ્રહસ્થ કેટલીએક અડચણના કારણથી જઈ શક્યા નહોતા. સ્થાપન મોટી ધામધુમ સાથે કરવામાં આવ્યું છે. પ્રથમ એક મોટો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો અને સર્વે જૈની બંધુઓને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તે ઉપરથી નગરશેઠ વિગેરે ગ્રહસ્થો તથા યતિ હેમચંદજી અને મેડી કારખાનાના આગેવાનો વિગેરે એ સુમાર આણસો મોતીશા શેઠની ધર્મશાળામાં એકઠું થયું હતું. ત્યાં સર્વેની સમક્ષ મુનીરાજ શ્રીદાનવિજયજીએ, શાસ્ત્રી દિનકરરાવે, મુનીમ દુલભદાસે તથા શ્રાવક પરમાણંદદાસે પાઠશાળા સંબંધી વિવેચન, વ્યાખ્યાન અને ભાષણ કર્યા હતા. મોદી જસરાજ ખોડા તરફથી ૨૨૫—૩૦ નો ખર્ચ પ્રભાવના વગેરેમાં કરવામાં આવ્યો હતો,અને પરમાણંદદાસ તરફથી સુમારે ૨૧૫ ની પાઘડી શાસ્ત્રીજીને બધાવવામાં આવી હતી. ગાણસો હંમેશ વીખરાઇ ગયું હતું.

આ ઉત્તમ કાર્યની સ્થાપના મુખ્ય શ્રી મન્મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના પ્રયાસવડે થઇ છે અને આ કાર્યમાં અવર્ણનિય ઉત્કંઠા મુનિરાજ શ્રી દાનવિજયજીએ બતાવેલી છે તથા પ્રશંસાપાત્ર ઉદારતા બાબુસાહેબ રાય બુદ્ધસિંહજી બહાદુરે બતાવેલી છે તેમજ શાસ્ત્રી મેળવી આપવાનો પ્રયાસ શ્રીમંત ગાયકવાડ સરકારના સંસ્કૃત પાઠશાળાના અધ્યક્ષ શાસ્ત્રી રાજારામજીએ લીધેલો છે જેથી ઉત્તરોત્તર એ સર્વેનો આખા શ્રાવક સમુદાયે આભાર માનવાનો છે.

આ પાઠશાળાની અંદર સાધુ મુનિરાજને, ધર્મરૂચીવાન્ યતિઓને તથા શ્રાવક ભાઈઓને પણ અભ્યાસી તરીકે દાખલ થવાની છુટ છે અને એ પ્રમાણે દાખલ થઇને લાંબો વખત એક ચિત્તે અભ્યાસ કરશે તો આ કાર્યના સર્વોત્તમ ફળ ચાખવાનો વખત જૈનવર્ગને બહુજ વહેલો આવશે.

આ પાઠશાળામાં અભ્યાસને માટે જૈન વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર અને ન્યાય વિગેરેનું નિર્માણ કરેલું છે પરંતુ એ શાસ્ત્રોનો અભ્યાસ બહુ વર્ષથી બંધ પડી ગયેલ હોવાથી શુદ્ધ પ્રતો મળવાને માટે બહુ પ્રયાસ પડે તેવું છે. કદી પ્રયાસ કરતાં એકાદ પ્રત શુદ્ધ મળી આવે તો પણ અભ્યાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારને માટે પૃથક પૃથક પ્રતોની જરૂર પડશે અને તેથી લહીયા પાસે લખાવવા વિગેરેનો ખર્ચ કરવાની પણ અગત્ય રહેશે તેથી ઉદાર જૈનબંધુઓએ આ અત્યુત્તમ કાર્યમાં ભાગ લેવાની ઉત્કંઠાથી પોતાની ઉદારતા જાહેર કરવી અને એ બાબત શ્રીપાલીતાણે શેઠ આણંદજી કલ્યાણજીના મુનીમ ઉપર વ્યવસ્થા કરવા લખવું.

અભ્યાસ કરવા આવનાર મુનિમહારાજાએ પણ પોતાને માટે અભ્યાસ કરવાની પ્રતનો બનતા સુધી બંદોબસ્ત કરવો.

આ પાઠશાળાના સંબંધમાં નવીન સમાચાર વારંવાર આ ચોપાનીયા દ્વારા પ્રગટ કરવામાં આવશે. કોઇને કાંઇપણ સુચના કરવી હોય તો નીચેને શિરનામે પત્ર લખવો.

વ્યવસ્થાપકો

**શ્રી પાલીતાણા જૈનશાસ્ત્ર પાઠશાળા**

મુ૦ ભાવનગર.

# माया.

## (શ્રી મલ્લીનાથજી ચરિત્ર.)

અનુસંધાન પાને ૭૧ થી.

જયંત નામના અનુત્તર વિમાનથી દેવપણાના આયુને ક્ષય કરીને, દેવ સંબંધી ભવને ક્ષય કરીને, અંતરા રહીત ચવીને તથા દેવ સંબંધી શરીરને તજી દઇને, પ્રથમ દેશેઉણા બત્રીશ સાગરોપમની સ્થિતિવાળા છ મિત્રના જીવો આ જંબુદ્વિપના ભરતક્ષેત્રને વિષે વિશુદ્ધ કુળવંશ વાળા રાજાઓને ત્યાં પૃથક્ પૃથક્ પુત્રપણે ઉત્પન્ન થયા. પ્રથમ મિત્રનો જીવ કોશળ દેશમાં અયોધ્યા નગરીના રાજાને ત્યાં પ્રતિબદ્ધ નામે કુમાર થયો, બીજા મિત્રનો જીવ અંગદેશમાં ચંપાપુરીના નૃપતિનો ચંદ્રચ્છાય નામે કુમાર થયો, ત્રીજા મિત્રનો જીવ કાશી દેશમાં વણારશી નગરીના ભૂપતિનો શંખ કુમાર નામે પુત્ર થયો, ચોથા મિત્રનો જીવ કુણાલા દેશમાં સાવથ્થી નગરીના નૃપનો રૂપીકુમાર નામે સુત થયો, પાંચમા મિત્રનો જીવ કુરૂદેશમાં હસ્તિનાપુર નગરના ભૂમિપતિનો અદીન શત્રુ નામે કુમાર થયો, અને છઠ્ઠા મિત્રનો જીવ પાંચાળ દેશમાં કાંપિલ્યપુરના નરેંદ્રનો જિતશત્રુ નામે પુત્ર થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી મહાબળ દેવતા જયંત વિમાન થકી ત્રણ જ્ઞાન સહીત ચવીને સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનકે આવેલા છે, દિશાઓ સૌમ્યકારી થયેલ છે, પક્ષીઓ શુભ શકુનવાળા શબ્દો કરે છે, સુરભિ, શીત અને મંદવાયુ વાય છે, પૃથ્વીને વિષે વિશેષ પ્રકારે ધાન્યોત્પતિ થયેલી છે અને સર્વ જીવો આનંદમાં વર્તી રહ્યા છે એવા શુભ સમયે ફાલ્ગુન શુદી ૪ ની મધ્યરાત્રીને વિષે એહીજ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મિથિલા નગરીના કુંભ નામે ભૂપતિની પ્રભાવતી નામે પટ્ટરાણીની કુક્ષિને વિષે ગર્ભપણે આવીને ઉત્પન્ન થયો. તે રાત્રીને વિષે પ્રભાવતી રાણી પુણ્યવંતને ભોગવવા યોગ્ય રાજભુવનને વિષે મહા મનોજ્ઞ સુખ સય્યામાં સુતી થકી કાંઇક સૂતી કાંઇક જાગતી–થોડી થોડી નીદ્રા કરતી સતી મહા ઉદાર, પ્રાધાન્યકારી ઉપદ્રવના નિવારણહાર, માંગળીકના કરણહાર અને શોભાકારી ચતુર્દશ મહા સ્વપ્ન પ્રત્યે દેખતી હવી. દેખીને જાગી. પછી તે પ્રભાવતી રાણી સય્યા થકી ઉઠીને જ્યાં કુંભ રાજા છે ત્યાં મંદમંદ ગતિવડે ચાલતી આવી અને કુંભરાજા પ્રત્યે પોતે દીઠા તે અનુક્રમ પ્રમાણે ૧ હસ્તિ ૨ વૃષભ ૩ સિંહ ૪ લક્ષ્મીદેવી ૫ પુષ્પમાળા ૬ ચંદ્ર ૭ દિનકર ૮ ધ્વજા ૯ કળશ ૧૦ પદ્મસરોવર ૧૧ સમુદ્ર ૧૨ દેવ વિમાન ૧૩ રત્નરાશી અને ૧૪ નિર્ધુમ અગ્નિ એ ચૌદ સ્વપ્ન દીઠાની હકીકત કહી બતાવી. રાજા બહુજ પ્રસન્ન થયા. પ્રભાતે ઉઠી સ્નાનાદિક કરી રાજ્ય સભામાં આવીને સ્વપ્ન શાસ્ત્રના જાણ સ્વપ્ન પાઠકને બોલાવ્યા અને તેમને સ્વપ્ન ફળની પૃચ્છા કરી. સ્વપ્ન પાઠકોએ શાસ્ત્રાનુ સાર વિચાર કરીને કહ્યું કે તીર્થંકર વા ચક્રવર્તી પુત્રની પ્રાપ્તિ થશે. કુંભ નૃપતિએ સ્વપ્ન પાઠકને પુષ્કળ દ્રવ્યાદિક દઈ સન્માન કરીને રજા આપી. પ્રભાવતી રાણી સ્વપ્ન ફળ શ્રવણ કરી પ્રસન્ન મુખારવીંદ યુક્ત થઇને ઉત્તમ ગર્ભને સુખે સુખે વહન કરતી મનુષ્ય સંબંધી અનેક પ્રકારના ભોગ ભોગવતી વિચરવા લાગી.

ત્રણમાસ વ્યતિક્રમ્યા એવે સમયે પ્રભાવતિ રાણીને એવો ડોહલો ઉત્પન્ન થયો કે તે માતાઓને ધન્ય છે કે જે પંચ વર્ણના પુષ્પોની માળાવડે આચ્છાદીત સય્યા ઉપર શયન કરતી મનના મનોરથ પૂરતી થકી વિચરે છે તેમજ વળી તે માતાઓને ધન્ય છે કે એવી સુખ સય્યા ઉપર સુતાં સુતાં અનેક પ્રકારના મહા સુગંધી પુષ્પોવડે ગુંથેલા મોટા દડા પ્રત્યે સુંઘતીભેગ થકી આનંદ લે છે. આવો ડોહળો ઉત્પન્ન થયે સતે રાણિપ ભાગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં વસનારા વ્યંતર દેવતાઓ તત્કાળ જળ સ્થળના ઉપજેલા અનેક પ્રકારના સુગંધી પુષ્પોની કુંભરાજાના ઘરને વિષે વૃષ્ટી કરતા હવા. પછી કુંભરાજા તે પુષ્પોની માળા યુક્ત સય્યા કરાવીને પુષ્કળ પુષ્પોનો મોટો દડો બનાવરાવી રાણીને આપતો હવો. આ પ્રમાણે પોતાના સર્વ અભિલાષને પૂર્ણ કરતી સતી પ્રભાવતી રાણી સુખે સુખે ગર્ભને વહન કરે છે અનુક્રમે નવમાસ પ્રતિપૂર્ણ થયે સતે ઉપરાંત સાડાસાત દિવસ વ્યતિક્રમ્યે માગશર શુદી ૧૧ ને દિવસે મધ્ય રાત્રીને વિષે અશ્વિની નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ આવ્યે સતે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનકમાં રહ્યા છે, વિદેહ દેશ નિવાસી સર્વ લોકો હર્ષવંત વિનોદવંત થઇ રહ્યા છે, પવન અનુકુળ વાય છે, દિશાઓ પ્રફુલ્લીત થયેલીઓ છે એવા શુભ સમયે પ્રભાવતી રાણી ગર્ભને પ્રસવતી હવી. પ્રસવ સમયે સર્વ દિશાઓમાં પ્રકાશ થયો. નિરંતર અંધકારના દુઃખને અનુભવનારા નર્કના જીવોને પણ તે સમયે પ્રકાશ સુખનો અનુભવ થયો. સ્થાવર જીવોને પણ કિંચિત્ સુખ થયું. અને સર્વ સ્થાનક સ્વભાવીકે આનંદોત્પત્તિ થઇ.

હવે ગર્ભ પ્રસવ થયો કે તરતજ છપ્પન દિશા કુમારીના આસન કંપાયમાન થયા. પ્રથમ મેરૂ પર્વતના ચાર ગજદંતાની નીચે વસનારી આઠ દિશા કુમારી આવીને અશુચિ પરિહરે, બીજી આઠ સુગંધી જળની વૃષ્ટિ કરે, ત્રીજી આઠ વીંજણે વાયુકરે, ચોથી આઠ કળશ ધારણ કરીને ઉભી રહે, પાંચમી આઠ ચામરધરે, છટ્ઠી આઠ દર્પણ ધરે, ચાર કુમારીકા દીપક લઇને ઉભી રહે અને છેલ્લી ચાર રક્ષા કર્મ કરે આ પ્રમાણે છપ્પન દિશા કુમારિકા જન્મોત્સવ કરીને સ્વસ્થાનકે ગઇ કે તરતજ ૬૪ ઇંદ્રના આસન કંપાયમાન થયા. પ્રથમ સૌધર્મેદ્ર અવધિ જ્ઞાનવડે જુએ, શ્રી ૧૯મા તીર્થંકર મહારાજાનો જન્મ સમય જાણી આસનથી ઉભો થઇ, મોજડી ઊતારી, સાત આઠ ડગલા સન્મુખ આવી ભગવંતને પ્રણામ કરી બેસીને શક્ર સ્તવ (નમુથ્થુણં) વડે ભગવંતની સ્તુતિ કરે. પછી સુઘોષા નામનો મહા મોટો અને ગંભીર સ્વરવાળો ઘંટ વગાડવા આદેશ કરે, એ ઘંટની સાથે ૩૨ લક્ષ વિમાનમાં સર્વે ઘંટ વાગે એટલે સર્વે દેવતાઓ ઇંદ્રની આજ્ઞા જાણીને તત્કાળ ભગવંતના જન્મોત્સવમાં આવવા તૈયાર થઇ જાય. પાલક નામે દેવતા શક્રેંદ્રની આજ્ઞાથી એકલાખ યોજનનું વિમાન બનાવે તેમાં સપરિવાર બેસીને ઇંદ્ર મનુષ્ય લોકમાં આવે, વિમાનને નંદીશ્વર દ્વીપે સંક્ષેપીને પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાકી જ્યાં ભગવંત બિરાજે છે ત્યાં આવે, ભગવંતની માતાને અવસ્વાપિની નિદ્રા દઇ, પાસે ભગવંતનું પ્રતિબિંબ સ્થાપન કરીને પોતે પાંચ રૂપ કરે. ભગવંતની તથા માતાની આજ્ઞા માગીને એક રૂપે ભગવંતને કર સંપુટમાં લેય, બેરૂપ વડે બે બાજુ ચામર ધરે, એકરૂપે પાછળ છત્ર ધારણ કરે અને એકરૂપ વડે આગળ વજ્ર ઉછાળે. જિનભકિતનો સર્વ લાભ પોતેજ ગ્રહણ કરે.

એ પ્રમાણે ભગવંતને લઇને મેરૂ પર્વત ઉપર લાવી પાંડુક વનને વિષે પાંડુકંબલ નામે શિલાની ઉપર પૂર્વાભિમુખ સિંહાસનમાં પોતે પ્રભુને ખોળામાં લઇને બેસે, ચોસઠે ઇંદ્રો પોત પોતાના પરિવાર યુક્ત ત્યાં આવે. એટલે અચ્યુતેંદ્ર અભિયોગીક દેવોને આજ્ઞા કરીને ક્ષીર સમુદ્રાદિકના જળ તથા ઉત્તમ ઉત્તમ ઔષધીઓ અને તીર્થ મૃતિકા મંગાવે, અને ભૃંગાર, ચંગેરી વિગેરે સર્વ સામગ્રી તૈયાર કરાવે. પછી લાવેલા તીર્થજળ વડે ૬૩ ઇંદ્રો તથા દેવી દેવો ભગવંતને અભિષેક કરે. પ્રાંતે ઇશાનેંદ્ર ભગવંતને ખોળામાં ધારણ કરી બેસે એટલે સૌધર્મેંદ્ર ચાર વૃષભના રૂપ કરી આઠ શીંગવડે જળધારા કરી ભગવંતને અભિષેક કરે, પછી સુગંધી દેવ દુષ્ય વસ્ત્રોવડે ભગવંતના શરિરને લુહીને મુકુટ કુંડળાદિક આભરણોવડે અલંકૃત કરે ભગવંતની સમિપે અષ્ટમંગળ આળેખે, સુગંધી પુષ્પોને વિસ્તારે, સુગંધી ધુપનું દહન કરે અને પ્રાંતે એકશત અષ્ટ કાવ્યવડે ભગવંતની સ્તુતિ કરે. જન્મોત્સવ પરિપૂર્ણ થયે સતે સૌધર્મેંદ્ર પાછા પૂર્વવત્ ભગવંતને લઇને મિથિલા નગરીમાં કુંભરાજાના રાજ્ય ભુવનમાં આવી, અવસ્થાપિની નિદ્રા તથા પ્રતિબિંબને હરણ કરી, ભગવંતને માતાની પાસે મુકે, બત્રીશ ક્રોડ સુવર્ણાદિકની વૃષ્ટિ કરે, પછી સર્વે ઇંદ્રો નંદીશ્વર દ્વીપે જઇ અઠ્ઠાઇ મહોત્સવ કરી સ્વસ્થાનકે જાય.

આ પ્રમાણે દેવ કૃત જન્મોત્સવ થયા પછી પ્રભાતકાળ થયો ત્યારે કુંભરાજા પ્રત્યે દાસીએ વધામણી આપી એટલે તેગણે દશ દિવસ પર્યંત જન્મોત્સવ કર્યો. બારમે દિવસે અનેક પ્રકારની રસવતિ નિપજાવી, મિત્ર જ્ઞાતિ તથા પરિવાર સમસ્તને આમંત્રણ કરી જમાડીને, વસ્ત્રા ભરણવડે સત્કાર કરી, સન્માન દઇને કહ્યું કે જ્યારે આ બાળિકા ગર્ભમાં આવી હતી ત્યારે એ પુત્રીની માતાને પુષ્પ માળની સય્યાને વિષે સયન કરવાનો દોહલો ઉત્પન્ન થયો હતો માટે એ પુત્રીનું નામ **મલ્લીકુમરી** સ્થાપન કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે મલ્લીકુમરી વૃદ્ધિ પામતી હવી, ત્રણ જ્ઞાને સહીત છે, અત્યંત રૂપવંત છે, સૌભાગ્યવંત છે, દાસ દાસીના પરિવારે પરવરી થકી વિચરે છે, અત્યંત શ્યામ મસ્તકના કેશ છે, સુશોભિત લોચન છે, પ્રવાળ સમાન રક્ત ઓષ્ટ છે, ઊજવળ દંત પંક્તિ છે, કમળ સમાન સુકોમળ શરિર છે, કમળના સુગંધ સમાન સુગંધી શ્વાસોશ્વાસ છે. યાવત્ યૌવને કરી, રૂપે કરી અને લાવણ્યાદિકે કરીને ઉત્કૃષ્ટ શોભનીક છે. એ પ્રમાણે દેશેઊણા સો વર્ષની ઉમ્મર થઇ એટલે અવધિ જ્ઞાનવડે પોતાના પૂર્વ ભવના મિત્ર છ રાજાઓને દેખતી થકી વિચરે છે. પછી તે મલ્લીકુમારી તે છએ રાજાઓના દુતાગમનનો સમય જાણી તેને પ્રતિબોધ કરવાને નિમિતે આ પ્રમાણે મોહનઘરની રચના કરાવતી હવી. અપૂર્ણ.

# ખેદકારક સમાચાર.

## मुनी अमरविजयजीनो स्वर्गवास.

શ્રી ભાવનગરમાં શ્રી મન્મુનીરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજ સાથે બીજા છ મુનિઓ ચતુર્માસ રહેલા હતા. તેમાંથી મુની અમરવિજયજી જેઓ સંસારીપણામાં ભાવનગરનાજ રહીશ હતા અને સુમારે ત્રણ વર્ષજ અગાઉ ચારિત્ર ગ્રહણ કરેલું હતું. તેમણે દોઢમાસના ઉપવાસ શ્રી સંઘની તથા ગુરૂ મહારાજાની અનુમતિ લઇને કર્યા હતા. પ્રથમ તેમણે માસ ખમણ કરેલું હોવાથી સંમતિ મળવામાં અડચણ આવી નહોતી. ઉપવાસો જેમ જેમ વધારે થતા ગયા તેમતેમ ચિત્તની વિકસ્વરતા વૃદ્ધિ પામતી હતી. ભાવનગર શહેરની અંદર કોઇપણ વખતે આવી ઉગ્ર તપસ્યા થયેલી ન હોવાથી શ્રી સંઘના મનમાં એ વાતનો બહુ ઉત્સાહ હતો અને તેથી શ્રાવણ વદિ ૪ થી મોટી ધામધુમ સાથે અઠ્ઠાઇ મહોત્સવનો પ્રારંભ કર્યો હતો. સર્વે શ્રાવક શ્રાવીકાઓના અત્યંત ઉત્સાહથી મહોત્સવની શોભા બહુ સરસ આવી હતી. તેમાં પણ વદ ૧૦ મે ચડાવેલા જળયાત્રાના વરઘોડાની શોભા તો અવર્ણનીય બની હતી અને શેહેર બધું એ વરઘોડો જોવાને માટે ઉત્સાહી બન્યું હતું. વરઘોડામાં મધ્યબિંદુ તરીકે મધ્યમાં રહેલા પટ્ટહસ્તિ ઉપર પધરાવેલા જિનબિંબની શોભા જોનારાઓના દિલને અત્યંત આલ્હાદ ઉત્પન્ન કરતી હતી અને ભગવંતને ગ્રહણ કરીને બેસનાર તથા ચામર ધારક વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેરેને તો સ્વર્ગ લોકની ખુબીનું દર્શન થતું હતું. અઠ્ઠાઇ મહોત્સવમાં પાંચમે દિવસે જ્યારે અમરવિજયજીને ૩૪ ઉપવાસ થયા હતા ત્યારે તેઓ મોટા દેરાસરજીમાં જ્યાં પૂજા ભણાતી હતી ત્યાં દર્શન કરવા પધાર્યા હતા. શરીર શક્તિમાં તપ શક્તિવડે વૃદ્ધિ થયેલી દૃષ્ટિગત થતી હતી પર્યુષણમાં પણ. આવી ઉગ્ર તપસ્યાના મહિમાથી દેવદ્રવ્યાદિકની વૃદ્ધિ વિશેષ પ્રકારે થઇ હતી. અન્યમતિઓ પણ પુષ્કળ તપસ્વી મુનિના દર્શન નિમિત્તે આવતા હતા. પ્રાંતે સંવત્સરીને દિવસે તેમણે શ્રીકલ્પસુત્ર મૂળ (બારસે) નું વડીલ મહારાજશ્રીની સમક્ષ અખંડ ધારાએ શ્રવણ કર્યું હતું અને સાંયકાળે સર્વે મુનિઓ તથા શ્રાવકોની ભેગા બેસીને સંવત્સરી પ્રતિક્રમણ કર્યું હતું. શુદ ૫ ની સવારમાં દોઢ માસની તપસ્યા સંપુર્ણ થયા છતાં પણ તેઓના પ્રણામ વિશેષ વિશેષ વૃદ્ધિમાન હતા. આગળ વિશેષ ઉપવાસ કરવાને માટે મોટા મહારાજશ્રીની પાસે વિનંતી શરૂ હતી. છેવટ શુદ ૧૧ સુધી તો ઉપવાસ કરવા માટે આગ્રહ પૂર્વક માગણી હતી પરંતુ અવસરના જાણ ગુરૂ મહારાજાએ આજ્ઞા ન આપતાં પોતાની સમીપે બેસારીને પારણું કરાવ્યું હતું.

પારણું કર્યા બાદ એ દિવસ પ્રકૃતિ ઠીક રહી. પરંતુ પાછળથી દૈવયોગે પ્રકૃતિ બગડી અને એકાએક વ્યાધિએ મોટું રૂપ પકડયું. પરંતુ અરિહંત અને વિતરાગ શિવાય બીજા શબ્દોચ્ચાર નહોતા. છેવટે એકદમ વ્યાધિ વૃદ્ધિ પામ્યો અને શ્રીસંઘને સંપુર્ણ દિલગીરીમાં ગર્ક કરીને ભાદરવા શુદ ૧૦ ને ગુરૂવારે બપોરના સવાચાર કલાકે સ્વર્ગગમન કર્યું. શ્રાવક વર્ગ એકદમ એકત્ર થઇ ગયો. આવા તપસ્વીના અકસ્માત મૃત્યુથી સર્વે શ્રાવક શ્રાવીકાઓ બહુજ શોક ગ્રસ્ત થયા. સંઘના મુખ્ય આગેવાનોનો વિચાર વિશેષ પ્રકારે ભક્તિ કરવાનો થયો અને તરતજ શિબીકા તૈયાર કરાવવા માંડી. રાત્રીના વખતમાં સામગ્રી તૈયાર થઇ. પ્રાતઃકાળ થયો એટલામાં તો સુમારે ૫૦૦-૭૦૦ શ્રાવકો એકત્ર થઇ ગયા. મુનિરાજને શિબિકામાં પધરાવ્યા અને આગળ શોક વાજીત્ર તથા ધુપ, દીપક વિગેરે સર્વ સામગ્રી સાથે બહુજ ધીમે પગલે શોક સ્વારી जयजयनंदा जयजयमद्दा શબ્દોચ્ચાર કરતી સ્મશાન ભૂમિ તરફ ચાલી. માર્ગમાં દર્શન નિમિત્તે એકત્ર મળેલા સ્ત્રી પુરૂષોની સંખ્યાનો પાર નહોતો. થાળી મુકે તો પણ જમીન ઉપર પડે તેવું નહોતું. માત્ર અઢી ત્રણ વર્ષના ચારિત્રમાં માસખમણ અને સાદ્ધ માસખમણ એવી બે મોટી તપસ્યા કરેલ હોવાથી અન્યદર્શનીઓ પણ તપ સંયમની અનુમોદના વિશેષ રીતે કરતા હતા. પ્રાંતે શોકસ્વારી સ્મશાન ભૂમિએ પહોચી. શ્રાવકોની સંખ્યા બેસુમાર હતી. ત્યાં ચંદન વિગેરે કાષ્ટોવડે શોકયુક્ત હૃદયે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘના આગેવાન ગ્રહસ્થોએ એકત્ર થઇને એક ટીપ કરી અને પાં- જરા પોળમાં તથા છુટા પશુઓને માટે ઘાસ વિગેરે તથા ગરીબગરબા- ઓને માટે અનાજ તેમજ મીઠાઈ વિગેરેનો બંદોબસ્ત કર્યો. માછીઓની જાળ તો રાત્રીથીજ બંધ રખાવી હતી. ત્રણે દેરાસરોમાં આંગી રોશની અને નોબતને માટે કહેવરાવ્યું. આ પ્રમાણે પોતાની ફરજ યથાશક્તિ બ- જાવવામાં આવી.

પ્રથમ જણાવ્યા પ્રમાણે મુનિ અમરવિજયજી ભાવનગરનાજ રહીશ હોવાથી તેમના કુટુંબીઓએ મળીને પાછળ અઠ્ઠાઇ મહોત્સવ થાય તો ઠીક એવો વિચાર બતાવી એ ઉત્તમકાર્યના ખર્ચમાં પોતે મોટો ભાગ લેવો કબુલ કર્યો. એટલે શ્રીસંઘે મળીને શુદ ૧૨ થીજ અઠ્ઠાઇ મહોત્સવ શરૂ ક- રવાનો નિર્ણય કર્યો.

આવા તપસ્વી મુનીના સ્વર્ગવાસથી સર્વે શ્રાવકભાઇઓના મન દીલગીરી મય બની ગયેલા છે. આ મુનીરાજે થોડા ચારિત્ર પર્યાયમાં આત્મસાધન બહુ સારૂં કરી લીધું છે. આત્મહિતેચ્છું જનોએ એમનો દાખલો લઇને ધર્મ કાર્યમાં વિશેષ પ્રકારે ઉદ્યમવંત થવા જેવું છે કે ગ્રહસ્થપણાના અને મુની- પણાના પંચત્વમાં કેટલો બધો તફાવત છે, ગ્રહસ્થની પાછળ અને અંત સમયે અનેક પ્રકારની રડાપીટ અને આરંભના કાર્યો થાય છે અને મુની મહારાજને અંત સમયે પરમેષ્ટી મહામંત્રના ઉચ્ચાર અને પાછળ અનેક પ્રકારના આરંભબંધ થાય છે તેમજ ધર્મ કાર્યોની વૃદ્ધિ થાય છે.

---

# मनुष्यजन्म.

( અનુસંધાન પાને ૮૦ થી. )

**कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।**
**हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥**
**गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।**
**स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥**

મનુષ્ય જન્મ પામીને નિરર્થક ગુમાવી દેનાર માટે હિત શિક્ષાના બે વ- ચનો પાછલા અંકમાં લખ્યા પછી હવે વ્યાધિના ઔષધની પેઠે મનુષ્ય જ- ન્મ સાર્થક થવા માટે ઇષ્ટસુખ મેળવવાના સાધન રૂપ ઉપર લખેલો શ્લોક શ્રીસિંદુર પ્રકરમાં કહેલો છે.

"અરિહંતના ચરણ કમળનું પૂજન કરીને, મુનિ મહારાજને નમસ્કાર કરીને, જૈનસિદ્ધાંતના રહસ્યને જાણીને, અધર્મ કર્મની બુદ્ધિવાળાઓના સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને તજી દઇને, સુપાત્રને વિષે દ્રવ્યનો વ્યય કરીને, ઉત્તમ પુરૂષોએ ચલાવેલ પદ્ધતિ પ્રમાણે ચાલીને, અભ્યંતર શત્રુ વર્ગને જીતીને, તેમજ પંચપરમેષ્ટી નમસ્કાર રૂપ મહા મંત્રનું સ્મરણ કરીને ( હે ભવ્યજીવો ! ) ઇષ્ટ સુખ પ્રત્યે હસ્તગત કરો. ”

ઉપરના શ્લોકમાં બતાવેલી સર્વે ક્રિયા કરનાર પ્રાણી વાંછિત સુખ–સ્વર્ગ અને અપવર્ગના સુખ મેળવે તેમાં તો કાંઇ પણ આશ્ચર્ય નથી પરંતુ એમાંનું એક પણ કાર્ય જો શુભ ભાવ સંયુક્ત કરે તો પોતાના વાંછિત સુખને મેળવે તેમાં કાંઇ નવાઈ નથી.

પ્રથમ અરિહંતના ચરણ કમળનું પૂજન કરવાનું બતાવ્યું છે. શાસ્ત્રોક્ત વિધિ સંયુક્ત ઉત્તમ ઉત્તમ દ્રવ્યો મેળવીને શ્રી જિનેશ્વર ભગવંતની દ્રવ્યપૂજા કરીને ઉજ્વળ ભાવવડે ભાવપૂજા–શ્રી જિનેશ્વરના ગુણ ગ્રામ સ્તવનાદિક કરનાર પ્રાણી અવશ્ય વાંછિત સુખને મેળવે છે. ઘણા પ્રાણીઓએ એવી રીતે ઇષ્ટસુખ મેળવ્યું છે. શ્રી હેમચંદ્રા ચાર્ય કૃતત્રીષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રાંગત શ્રી રામચંદ્રાદિકના ચરિત્રમાં શ્રી અષ્ટાપદ મહાતીર્થની ઉપર શ્રી ઋષભાદિક ચતુર્વિંશતી તીર્થંકરોની સન્મુખ એકાગ્રતાએ ગીત વાજીત્ર અને નૃત્યાદિક ભાવપૂજા કરતાં રાવણ નામના નવમા પ્રતિ વાસુદેવે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું એવો અધિકાર છે અને બીજા પણ અનેક પ્રાણીઓ શ્રી જિનેશ્વરની ભક્તિ કરવાથી સંસાર સમુદ્રનો પાર પામ્યા છે.

બીજું મુનિમહારાજને નમસ્કાર કરવાથકી પણ સંસાર સમુદ્ર તરવો સરલ થઈ પડે છે કેમકે આ ભવ સમુદ્રનો પાર પમાડવાને સુગુરૂજ સમર્થ છે. કહ્યું છે કે—

अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते ।
प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ॥
स एव सेव्यः स्वहितैषिणा गुरुः ।
स्वयं तरंस्तारयितुं क्षमः परं ॥१॥

અર્થ—પાપ રહીત માર્ગને વિષે જે પોતે પ્રવર્ત્તે છે, અન્યજનોને પ્રવર્ત્તાવે છે, નિસ્પૃહી છે તેમજ પોતે (ભવ સમુદ્ર) તરતા સતા બીજાઓને તારવાને સમર્થ છે, એવા ગુરૂ મહારાજજ આત્મહિતેચ્છુ જનોએ સેવન કરવા યોગ્ય છે.

विदलयति कुबोधं, बोधयत्यागमार्थं ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुगतिकुगतिमार्गौ, पुण्यपापेव्यनक्ति ॥
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो ।
भवजलनिधिपोतस्तंविनानास्तिकश्चित् ॥२॥

વળી ગુરૂ વિના શુદ્ધ માર્ગની ઓળખાણ પડતી નથી માટે આ ભવ સમુદ્ર તરવાને માટે ગુરૂ પ્રવહણ સમાન છે. કહ્યું છે કે—

"ભવસમુદ્ર તરવાને માટે જહાજ ગુરૂ મહારાજ શિવાય બીજું કોઇ નથી. કેમકે ગુરૂ, કુબોધ–કુત્સિત જ્ઞાન જે મિથ્યાત્વ તેને દળી નાખે છે અને સિદ્ધાંતના અર્થનો બોધ કરે છે. વળી પુણ્ય અને પાપને વિષે સુગતિ કુગતિના માર્ગને પ્રકટ બતાવે છે અર્થાત્ પુણ્ય બંધ કરવાથી દેવગતિ મનુષ્ય ગતિરૂપ સુગતિની પ્રાપ્તિ થાય છે અને પાપના બંધનથી નર્કગતિ અને તિર્યંચગતિ રૂપ માઠી ગતિમાં જવું પડે છે એમ સમજાવે છે તેમજ કૃત્ય તે કરવા યોગ્ય કાર્ય અને અકૃત્ય તે ન કરવા યોગ્ય કાર્ય તેનો ભેદ એટલે વિવેક તેને સમજાવે છે. માટે ગુરૂ મહારાજજ આ સંસારાબ્ધિમાંથી પાર પમાડનારા છે.

ગુરૂના ગુણનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી કેમકે તેઓ નિઃસ્વાર્થ બંધુ છે, નિરંતર પરોપકારને વિષેજ તત્પર છે, સંસારરૂપ અટવીમાં પરિભ્રમણ કરનારા પ્રાણીઓનું રાગદ્વેષાદિક ચોરોથી હરાઈ જતું પુણ્યરૂપ દ્રવ્ય અટકાવીને તેમને શુદ્ધ માર્ગે ચડાવે છે જેથી તેઓ નિર્વિઘ્નપણે મોક્ષ નગરે પહોંચે છે. એવા ગુરૂ મહારાજના ચરણકમળનું જેઓ નિરંતર શેવન કરે છે તેઓ આ ભવપંકમાં નિમગ્ન થતા નથી અને થયેલા હોય છે તો ગુરૂ તેમનો ઊદ્ધાર કરે છે. સાંસારિક પક્ષમાં હિત ઇચ્છનાર તરિકે દેખાતા માતા પિતા, ભાઈ, બહેન, સગા સંબંધી, કુટુંબ પરિવાર, પુત્ર, કળત્ર, મિત્રાદિક સર્વે તાત્વીક રીતે જોતા હિત ઇચ્છનારા નથી પરંતુ અહિતનેજ કરનારા છે કેમકે તેઓ હરેક રીતે સંસારમાં વધારે ખુંચાવવાનો પ્રયત્ન કરનારા છે એટલુંજ નહીં પણ સ્વાર્થને તાકનારા હોવાથી સ્વાર્થ સરે ત્યાં સુધીજ સ્નેહ દેખાડનારા છે. અને ગુરૂ મહારાજા તો નિઃસ્વાર્થ સ્નેહ ધરાવનારા છે, વળી આ સંસારમાંથી જેમ વહેલો નિસ્તાર થાય તેમજ કરનારા છે માટે ખરા હિતેચ્છુ તો તેઓજ છે. માટે પ્રારંભના શ્લોકમાં કહ્યા મુજબ યતિ જન જે મુનિ મહારાજ તેમને નમસ્કાર કરીને વાંચ્છિત સુખને હસ્તગત કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ત્રીજું આગમજે સિદ્ધાંત તેનો રહસ્ય જાણવાથી પણ વાંચ્છિત સુખની પ્રાપ્તિ સહજે થાય છે કારણ કે સિદ્ધાંતનો રહસ્ય જાણનાર પ્રાણી ખરેખરૂં વસ્તુ સ્વરૂપ જાણે છે અને તે પ્રમાણે જાણવાથી જડ ચૈતન્યની તેમજ સ્વપરપણાની ઓળખાણ પડે છે તેથી તેઓ આત્મસ્વરૂપથી સાંસારીક સર્વે ઉપાધીઓને ન્યારી સમજે છે. પુત્ર કળત્રાદિક તથા દ્રવ્યાદિકને પોતાના જાણતા નથી તેમ તેના ઉપર મમત્વ ભાવ એટલે પોતાપણું ધારણ કરતા નથી એટલુંજ નહીં પણ પોતાના શરિરની ઉપર પણ મુર્છા ન ધરાવતાં સાતા અસાતામાં, સુખ દુખમાં તેમજ બીજી સર્વે અવસ્થાઓમાં કર્મની વિચિત્રતા જાણીને પોતાના આત્માને તેનાથી ન્યારો રાખે છે. વળી મનુષ્ય જન્મ પામીને ખરૂં જાણવાનું તો એજ છે. બાકી સાંસારીક ઉપાધીઓને મારી મારી કરનારા તો અનેક પ્રાણીઓ મનુષ્ય જન્મને ફોગટ ગુમાવી દઇને ભવાટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે. માટે જેણે જૈન સિદ્ધાંતનો રહસ્ય જાણ્યો તેને ભવ સમુદ્ર તે એક ખાબોચીયા જેવો તરવાને સરલ થઈ પડે છે તેથીજ ઉપરના કાવ્યમાં કહ્યું છે કે સિદ્ધાંતના રહસ્યને જાણીને વાંચ્છિત સુખને હસ્તગત કરો.

હવે મુળ કાવ્યમાં ચોથી વાત એ કહે છે કે અધર્મ કર્મની બુદ્ધિવાળાઓના સંગને તજી દઇને વાંચ્છિત સુખને મેળવો. કેટલાએક અજ્ઞાની પ્રાણીઓ અધર્મી પુરૂષોના સંગથી અધર્મ કર્મમાં પ્રવૃત્ત થઈ મનુષ્યભવ એળે ગુમાવી દેય છે એટલુંજ નહીં પણ સમજુ મનુષ્યો પણ અધર્મીઓના સંગમાં રહે છે તો જરૂર તેનો પાસ લાગવાથી ખરાબ થાય છે. સુગંધી વસ્તુઓને દુર્ગંધનો વાસ બેસતાં વિલંબ લાગતો નથી માટે અધર્મીજનોનો સંગ સર્વથા તજી દેવો. નિર્ગુણીનો સંગમ શું શું હાની ઉત્પન્ન કરે છે તે ઉપર કહ્યું છે કે—

[1] हिमति महिमांभोजे चंडानिलत्युदयाबुंदे ।
द्विरदति दयारामे क्षेमक्षमाभृति वज्रति ॥
समिधति कुमत्यग्नौ कंदत्यनीतिलतासु यः ।
किमभिलषता श्रेयः श्रेयः स निर्गुणसंगमः ॥१॥

" મહત્વરૂપ કમળને વિષે જે પ્રચંડ વાયુની પેઠે આચરણ કરેછે, ધન

૧ હરિણીવૃત્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાન્ય પ્રતાપની વૃદ્ધિરૂપ મેઘને વિષે જે હસ્તીને પેઠે આચરણ કરે છે, કલ્યાણરૂપ પર્વતને વિષે જે વજ્રની પેઠે આચરણ કરે છે, કુમતિરૂપ અગ્નિને વિષે જે કાષ્ટની પેઠે આચરણ કરે છે અને અન્યાયરૂપ વલ્લીને વિષે જે કંદની પેઠે આચરણ કરે છે એવો અત્યંત કનિષ્ટ નિર્ગુણીનો સંગમ શું કલ્યાણને ઇચ્છા કરનાર પુરૂષે આશ્રય કરવા યોગ્ય છે? અર્થાત્ આશ્રય કરવા યોગ્ય નથી.

ઉપરના શ્લોકનો ભાવાર્થ એવો છે કે નિર્ગુણીનો સંગમ પ્રાણીના મહત્વનો નાશ કરે છે અર્થાત્ હલકાઇ કરે છે, ઉદયનો નાશ કરે છે, દયાભાવને દૂર કરે છે. કલ્યાણનો વિનાશ કરે છે, કુમતિની વૃદ્ધિ કરે છે અને અનિતીના બીજને રોપે છે માટે નિર્ગુણી–અધર્મીજનોનો સંગ સર્વથા તજી દેવો એજ શ્રેયસ્કર છે. અને જેણે નિર્ગુણીનો સંગ તજી દીધો છે તેને સદ્ગુણીનો સંગમ સહેજે થાય છે; સદ્ગુણીનો સંગમ અત્યત લાભ કરે છે માટે મૂળ કાવ્યમાં કહ્યા મુજબ અધર્મ કર્મમાં પ્રવૃત્ત મનુષ્યનો સંગ તજી દઇને વાંચ્છિત સુખને હસ્તગત કરો.

ગુણી નિર્ગુણીના સંગ ઉપર એક વ્યવહારિક દૃષ્ટાંત છે કે—એક વનમાં એક વૃક્ષની ઉપર રહેનાર પોપટની સ્ત્રીને બે બચ્ચાં આવ્યાં. અનુક્રમે વૃદ્ધિ પામ્યા. એકાદા તેની માતા તેને મુકીને ચરવા ગઇ.પાછળ પારધીએ આવીને બંને બચ્ચાંને પકડયા. તેમાંથી એકને ભિલ્લ પાસે વેચ્યું અને બીજાને કોઇ ઋષિના આશ્રમમાં વેચ્યુ. ત્યાં બંને બચ્ચાં મોહોટા થયા અને સંગ પ્રમાણે બોલવા શિખ્યા. એકનું નામ ગિરિશુક પાડયું અને બીજાનું નામ પુષ્પશુક પાડયું. એકદા એક રાજા અશ્વ ઉપર ચડી નગર બહાર નિકળતાં અશ્વે અપહરવાથી અટવીમાં આવી ચડયો. ત્યાં ભિલ્લના મકાન આગળથી નીકળ્યો એટલે તેને જોઇને ગિરિશુક બોલ્યો કે—'હે ભિલ્લ! અહીંથી આ લાખીણો માણસ જાય છે તેને લુંટી લ્યો. આ વચન સાંભળી રાજા ભયભ્રાંત થયો થકો નાસતો નાસતો અનુક્રમે તાપસના આશ્રમ પાસે આવ્યો એટલે તેને દેખીને પુષ્પશુક બોલ્યો—' હે ઋષી! આ રાજા આવે છે તેથી તેની ભક્તિ કરો. ઋષી તત્તકાળ બહાર આવ્યા અને રાજાનો આદર સત્કાર કર્યો. પછી રાજાએ શુકને હાથ ઉપર બેસારીને પુછ્યું કે હે શુક! મેં તારાં વચન પણ સાંભળ્યાં અને ભિલ્લના શુકના વચનો પણ સાંભળ્યા પરંતુ તારામાં અને તેનામાં બહુજ અંતર છે. તારાં વચનોથી હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુજ પ્રસન્ન થયોછું. એટલે શુક બોલ્યો કે ' હે રાજેંદ્ર !

**मातप्येको पिताप्येको, मम तस्य च पक्षिणः पिक्षणः ।**
**अहं तु मुनिभिरानीतः, सचनीतो गवाशिभिः ॥ १ ॥**

"મારી અને તે પક્ષીની માતા પણ એક છે અને પિતા પણ એક છે પરંતુ મને મુનીઓ લાવ્યા છે અને તેને ભિલ્લો લાવ્યા છે."

**गवाशिनां वै स गिरः शृणोति, अहं तु राजन् मुनि पुंगवानां ।**
**प्रत्यक्षमेतद् भवतापि दृष्टं, संसर्गजा दोषगुणा भवंति ॥ २ ॥**

"તે શુક નિરંતર ભિલ્લોની વાણીને સાંભળે છે અને હું નિરંતર મુની શ્રેષ્ટની વાણીને શ્રવણ કરૂંછું તેથી હે રાજન્ તમોએ પણ પ્રત્યક્ષ દીઠું કે સંસર્ગથીજ ગુણ અને દોષ ઉત્પન્ન થાય છે."

ઉપરના દૃષ્ટાંત ઉપરથી સાર એ લેવાનો છે કે સંગ ઉત્તમ મનુષ્યોનોજ કરવો. અધમનો સંગ કદાપિ પણ ન કરવો.

હવે મુળ શ્લોકમા પાંચમી વાત એ કહે છે કે સુપાત્રને વિષે ધન વ્યય કરીને વાંચ્છિત સુખને હસ્ત કરો.

( અપૂર્ણ. )

---

# संबोधसत्तरी.

( અનુસંધાન પાને ૭૬ થી. )

જયણા વિષે કથાનંતર શાસ્ત્રકાર હવે કષાય સંબંધે કહે છે—

**जं अज्जिअं चरित्तं, देसूणाए अ पुव्वकोडीए ।**
**तं पुणं कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥ ६८ ॥**

અર્થ—દેશેઊણા પુર્વ ક્રોડ વર્ષ પર્યંત ચારિત્ર પાળવાથી જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય તેને એક મુહુર્ત્ત માત્ર કષાય કરવાથી પ્રાણી હારી જાય છે.

ભાવાર્થ—ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. તીવ્રપણે કરેલા કષાય અત્યંત દોષને ઉત્પન્ન કરે છે. તેનામાં એવો અનિવાર્ય દોષ છે કે એક મુહુર્ત્ત–બે ઘડી પર્યંત કરેલ કષાય ક્રોડ પુર્વ પર્યંત આચરેલા ચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિત્રને ભસ્મ ભૂત કરી નાખે છે. કષાય અગ્નિ સમાન છે અગ્નિનો કણુ ગાત્ર જેમ બે સુમાર ઘાસના સમુહને ક્ષણમાત્રમાં બાળી દેવા સમર્થ છે તેમજ કષાય પણુ ક્ષણુ માત્રમાં ચારિત્ર ગુણુને નિર્મુળ કરી નાખે છે.

હવે ચારે કષાયના દોષનું પૃથક્ પૃથક્ વર્ણન કરે છે—

**कोहो पीइ पणासेइ, माणो विणय नासणो ।**
**माया मित्ताणि नासेइ लोहो सव्वविणासणो ॥ ६९ ॥**

અર્થ—ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રાઇનો નાશ કરે છે અને લોભ સર્વ વિનાશી છે. ૬૯

ભાવાર્થ—ક્રોધી મનુષ્ય બહુ કાળની પ્રીતિનો સ્વલ્પ સમયમાં નાશ કરે છે. કારણુ કે જ્યારે તે ક્રોધને પરવશ થાય છે ત્યારે તેના આવેશમાં પોતાના પ્રીતિપાત્ર મનુષ્યને પણુ ન કહેવાના વચનો કહે છે જેથી તત્કાળ પ્રીતિનો નાશ થાય છે, માન-અહંકાર વિનયનો નાશ કરે છે અર્થાત્ અહંકારી મનુષ્ય પોતે ઓછી બુદ્ધિવાળો, ઓછો વિદ્યા ભણેલો તેમજ સ્વલ્પ ઋદ્ધિવાળો હોય છે તો પણુ અભિમાન ગ્રસ્ત હોવા થકી કોઈને પણ વિશેષ બુદ્ધિશાળી, વિશેષ વિદ્વાન્ તેમજ વિશેષ ધનવંત જાણુતો નથી અને તેથી કોઇનો પણુ વિનય કરતો નથી. કદી કોઇને પોતાથી વિશેષ જાણે છે તો પણુ અભિમાનને યોગે આપણે કોઇનો વિનય કરવાની શું જરૂર છે એમ વિચારી અક્કડને અક્કડ રહે છે. અને વિનય ગુણુ એ સર્વ ગુણોનું મૂળ છે તેનો નાશ કરે છે. માયા મિત્રાઇનો નાશ કરે છે એટલે મિત્રો સાથે પણુ તે કપટ ક્રિયા કર્યા કરે છે તે જાણુ થયાથી મિત્રાઇનો તત્કાળ નાશ થાય છે કેમકે જ્યાં અંતઃકરણમાં ભેદ થયો ત્યાં મિત્રાઈ કદી પણુ ટકી શકતી નથી. એટલે માયા મિત્રાઇનો નાશ કરે છે તેમાં કાંઈ પણુ શક નથી અને લોભ સર્વ વિનાશક છે કારણુ કે લોભ ગ્રસ્ત મનુષ્ય પ્રીતિને ગણુતો નથી, વિનયની તેને જરૂર નથી, મિત્રાઇને તો દૂરથી તજી દેય છે કેમકે મિત્રના કાર્યમાં પણુ લોભવડે લાલચ કરે છે. લોભના ઉદયથી બીજા અનેક પ્રકારના પાપ આચરણુ કરે છે કોઈ પણુ પ્રકારનો આરંભ કરતાં ડરતો નથી અર્થાત્ સર્વ અકાર્યો લોભી મનુષ્ય કરે છે તેથી લોભને સર્વ વિનાશી કહેલો છે. હવે ચારે કષાયોનું પૃથક્ પૃથક્ વર્ણન કરતાં પ્રથમ ક્રોધવડે પોતાના ચારિત્ર ગુણુને વિનાશ કરનાર ચંડકૌશીકની કથા નીચે પ્રમાણે શાસ્ત્રમાં કહેલી છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| | માહ વિવેકનો રાસ. | ૨-૮-૦ |
| ૪ | ,, ભાગ ચોથો (શ્રી વંદીતાસુત્રની ટીકા. અર્થ કથાઓ યુક્ત. | ૩-૦-૦ |
| ૫ | ,, ભાગ પાંચમો (કર્પૂર પ્રકર તથા દૃષ્ટાંત શતક અર્થ કથા યુક્ત તથા ભુવનભાનુ કેવળીનોરાસ. | ૨-૮-૦ |
| ૬ | ,, ભાગ ૬ ઠો ( શ્રી ગૌતમ કુળ પ્રકરણ મોટી કથાઓ યુક્ત) | ૨-૮-૦ |
| ૭ | શ્રી પૂર્વદેશ તીર્થ સ્તવનાવળી પાકાપુંઠાની | ૦-૫-૦ |
| | ,, કાચા પુંઠાની | ૦-૪-૦ |
| ૮ | દર્શન ચોવીશી મોટી રંગીત. | ૦-૮-૦ |
| ૯ | અઢીદ્વીપના નકશાની હકીકત વિગેરેની. | ૦-૨-૦ |
| ૧૦ | શ્રી શત્રુંજયનો નકશો મોટો રંગીત. | ૧-૦-૦ |
| ૧૧ | શ્રીજૈનકલ્પવૃક્ષ. ( પટ્ટાવળી) | ૧-૪-૦ |
| ૧૨ | મુનિરાજ શ્રી આત્મારામજી કૃત પૂજાઓની શાસ્ત્રી | ૦-૪-૦ |
| ૧૩ | વચ્છરાજનો રાસ ગુજરાતી | ૦-૬-૦ |
| ૧૪ | રતીસાર કુમારનુ ચરિત્ર ,, | ૦-૩-૦ |
| ૧૫ | વત્સરાજ ચરિત્ર ,, | ૦-૩-૦ |
| ૧૬ | નળદમયંતી ચરિત્ર ,, | ૦-૩-૦ |
| ૧૭ | નવસ્મરણ મૂળ. બહુ મોટા શાસ્ત્રી | ૦-૪-૦ |
| ૧૮ | ઢુંઢક મત સમિક્ષા. | ૦-૧૦-૦ |
| ૧૯ | ઢુંઢકહિત શિક્ષા (ગપ્પ દીપિકા સમીર ) | ૦-૮-૦ |
| ૨૦ | મિથ્યા પ્રચાર | ૦-૨-૦ |
| ૨૧ | પ્રાત:સ્મરણ મંગળ પાઠ | ૦-૦-૬ |
| ૨૨ | પુણ્યાઢ્ય ચરિત્ર. ગુજરાતી | ૦-૪-૦ |
| ૨૩ | પરિશિષ્ટ પર્વ.(સ્થવીરાવળી ચરિત્ર)સંસ્કૃત અં.૫ નું | ૨-૪-૦ |
| ૨૪ | સારસ્વત વ્યાકરણ (ચંદ્રકીર્તિ ટીકા સંયુક્ત સંપૂર્ણ. | ૩-૮-૦ |
| ,, | ,, પૂર્વાર્દ્ધ. | ૧-૪-૦ |
| ૨૫ | પાંચપ્રતિક્રમણ સૂત્ર સ્તવન વિગેરે વધારા સાથે. | ૧-૪-૦ |
| ૨૬ | સિદ્ધાચળજી વર્ણન ગુજરાતી | ૦-૬-૦ |
| ૨૭ | સદુપદેશમાળા (નિતિની કથાઓ.) | ૦-૧૨-૦ |
| ૨૮ | રભામંજરી નાટીકા સંસ્કૃત. | ૦-૮-૦ |
| ૨૯ | વૈરાગ્ય રત્નાકર ( ભવવૈરાગ્ય શતક. વિસ્તાર યુક્ત અર્થ કથાઓ | ૧-૦-૦ |
| ૩૦ | મોક્ષમોળા (વાંચવા લાયક બુક) | ૧-૦-૦ |
| ૩૧ | ચરિતાવળી (જૈન કથા સંગ્રહ) અત્યંત રસિક. | ૧-૪-૦ |
| ૩૨ | ,, સોનેરી નામવાળી | ૧-૬-૦ |
| ૩૩ | જૈન કથા સંગ્રહ ભાગ પહેલો (મુંબઇની) | ૧-૦-૦ |
| ૩૪ | ,, ભાગ ૨ જો | ૦-૨-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૩૫ | જૈન જ્ઞાન કથા સંગ્રહ. | ૦-૬-૦ |
| ૩૬ | જૈનદિપક સ્તવનાવળી. | ૦-૪-૦ |
| ૩૭ | પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી કાંઈક વધારાવાળી મોટા અક્ષરની | ૦-૧૪-૦ |
| ૩૮ | ગહુળી સંગ્રહ વધારાવાળી. | ૦-૧૦-૦ |
| ૩૯ | જૈન સુબોધ પ્રકાશ ભાગ ૧ લો (સુક્ત મુક્તાવળી વિગેરે પદ્ય ગ્રંથો) કાચા પુઠાની | ૦-૨-૦ |
| | કપડાના પુઠાની | ૦-૨-૬ |
| ૪૦ | શ્રી ઉપદેશ માળા અન્વયયુક્ત બાળાવબોધ સહીત. | ૨-૦-૦ |
| ૪૧ | સ્થુળીભદ્ર ચરિત્ર. | ૦-૨-૦ |
| ૪૨ | ઢુંઢક ફોટોગ્રાફ. | ૦-૧૦-૦ |
| ૪૩ | શત્રુંજય સ્તવન સંગ્રહ. | ૦-૩-૦ |
| ૪૪ | અમરકોશ સટીક. | ૧-૦-૦ |
| ૪૫ | આત્મવિલાસ સ્તવનાવળી. | ૦-૬-૦ |
| ૪૬ | મુનિરાજના બારમાસા. | ૦-૦-૬ |
| ૪૭ | શ્રેણીક રાજાનો રાસ તથા અષ્ટપ્રકારી પુજાનો રાસ. | ૦-૬-૦ |
| ૪૮ | અભયકુમારનો રાસ. | ૦-૬-૦ |
| ૪૯ | જૈની કક્કાના કાગળો. | ૦-૦-૬ |
| ૫૦ | હઠીસિંહના અંજનસલાકાના ઢાળીયાં. | ૦-૨-૦ |
| ૫૧ | ચૈતવંદન સ્તવન સ્તુતિની ચોવીશીઓ. | ૦-૩-૦ |
| ૫૨ | આત્મબોધ ને જીવની ઉત્પત્તિ. | ૦-૩-૦ |
| ૫૩ | જૈન કાવ્ય સાર સંગ્રહ. (છગનલાલ ઉમેદચંદની) | ૨-૦-૦ |
| ૫૪ | ચરિત્ર સંગ્રહ. ,, | ૧-૮-૦ |
| ૫૫ | અજ્ઞાનતિમિર ભાસ્કર. (કિંમત ઘટાડી છે) | ૨-૦-૦ |

## विज्ञापना.

અઠ્ઠાઇ મહોત્સવ અને પર્યુષણ પર્વ વિગેરે હોવાથી અવકાશ ન મળવાને લીધે આ અંક મોડો બહાર પડયો છે પરંતુ આસો માસ પછીથી પાછા બરાબર મુદતસર બહાર પાડવામા આવશે.

લવાજમ એક વર્ષ ઉપરાંતનું લેહેણું છતાં મોકલવામાં આળસ થાયછે પરંતુ એ સજ્જનને અને શાહુકારને બંનેને ઘટતું નથી.

સ્થળ સંકોચના કારણથી લવાજમની પહોંચ આવતા અંકમાં અપાશે.

ચોપડીઓ મંગાવનારને વેલ્યુપેબલથી મંગાવવી વધારે અનુકુળ છે. પોસ્ટમાં ટીકીટો મોકલનારે જોખમ પોતાને માટે સમજવું.

વ્યવસ્થાપક.

For Private And Personal Use Only